ગાંધીનગર સમાચાર
તા. ૫-૮-૨૦૧૩, સોમવાર

તંત્રી સ્થાનેથી.....

સંકુચિત પ્રદેશવાદનું વરવું પ્રદર્શન

મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી નારાયણ રાણેના તરવરિયા વારસદાર નીતેશ રાણેએ ટ્વિટર પર ગુજરાતીઓ વિશે ઝેર ઓકીને પોત પ્રકાશ્યું છે ત્યારે દ્વિભાષી મુંબઇ રાજ્યના વિભાજનના એ ભુલાઇ ગયેલા પ્રસંગો યાદ ન આવે તો જ નવાઇ. મુંબઇ પર ગુજરાતીઓનો આર્થિક દબદબો રહ્યો છે, જે 'મરાઠી માણૂસ'ની સંકુચિત પ્રાદેશિકતાને વરેલા કેટલાક સ્થાનિક રાજકારણીઓને જીરવાતો નથી. મહાગુજરાતની ચળવણ સામે મહારાષ્ટ્રમાં 'આમચી મુંબાઇ' ચળવણ ચાલી હતી. એ લોકો ગુજરાતીઓને શોધી શોધી મારતા હતા, એમને મુંબઇ છોડી ગુજરાત પાછા ચાલ્યા જવાની ચેતવણી આપતા હતા. શિવસેનાની પ્રાદેશિક માનસિકતામાં ઉછરેલા નારાયણ રાણેને બાળાસાહેબ ઠાકરે સાથે વાંકુ પડતાં એ પાટલી બદલીને કૉંગ્રેસમાં ગયા છે પરંતુ એમનાં લોહીમાં પેલું પ્રાદેશિકતાનું ઝેર અકબંધ રહ્યું છે એમણે એ ઝેર એમનાં તરવરિયા તોખાર જેવા સુપુત્રને રાજકીય વારસામાં આપ્યું હોય એમ લાગ્યા વગર રહેતું નથી. નીતેશ રાણે રાજ ઠાકરેની ભાષા બોલવા માંડે એ ખુદ એમની પાર્ટીને પોસાય એમ નહોતું, તેથી દાબડદીબડ ગુજરાતીઓ અને ગુજરાતના વિરોધનું એ લખાણ ચોવીસ કલાકમાં જ ટ્વિટર પરથી સમેટાઇ તો ગયું, પણ એથી શું? 'મરાઠી માણૂસ' વાળી જે સંકુચિત થિયરી સાથે બાલ ઠાકરેની શિવસેના અને તે પછી રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાનો મહારાષ્ટ્ર બહારના ભારતીયો પ્રત્યેનો અભિગમ રહ્યો છે એની પ્રતીતિ તો થઇ જ ગઇ. શિવસેનાએ વ્યૂહાત્મક ચાલ તરીકે ગુજરાતીઓ પ્રત્યે સોફ્ટ કોર્નર રાખ્યો છે, તે મુંબઇ અને મહારાષ્ટ્રના ગુજરાતીઓ પણ સુપેરે સમજે છે નીતેશ રાણે એમની જ કઠોર અને ગુજરાત વિરોધી પ્રતિક્રિયા આપી છે તેની પાછળ કૉંગ્રેસના મહારાષ્ટ્રના નેતાઓની ગુજરાત તરફની સૂગ છતી થયા વગર રહેતી નથી. 'નરેન્દ્ર મોદી જ સારા લાગતા હોય તો ગુજરાતઓએ મુંબઇમાં શું કામ પડ્યા રહેવું જોઇએ? એમણે વેળાસર ઉચાળા ભરી ગુજરાતમાં રહેવા ચાલ્યા જવું જોઇએ.' એટલું કહીને પણ તેઓ અટક્યા નથી. એમણે કટ્ટર મરાઠાવાદની પ્રતીતિ કરાવતાં લખ્યું છે કે આ 'ગુજ્જુઓ' એક દિવસ આખી મુંબઇને ગુજરાત બનાવી દેશે! એમણે અહીંથી રળી કમાઇને અહીંના લોકો પર જ જુલમ કરવા માંડ્યો છે. 'ગુજ્જુ' શબ્દનો ભરપૂર ઉપયોગ મુંબઇના એક વખતના શેરીફ અને ખૂંખાર કટારચી ચંદ્રકાન્ત બક્ષી કરતા રહેતા, જો કે એ પાછા મહાજાતિ ગુજરાતીની પ્રશસ્તિ પણ કરતા. ગુજરાતીઓ શાકાહારી છે, એમના વિસ્તારમાં મરાઠી માણૂસને મકાન મેળવતાં ફાંફાં પડી જાય છે.ગુજરાતીઓ મુંબઇમાં રહીને ગુજરાતના વિકાસનાં ગાણાં ગાય છે. જો ગુજરાતમાં એટલો બધો વિકાસ થયો હોય તો એ લોકોએ મુંબઇમાં શું કામ પડી રહેવું જોઇએ?' આમ વિવિધ મુદ્દે ગુજરાતીઓ પર પ્રહાર કરીને નીતેશ રાણેએ મહારાષ્ટ્રના મૂળ નિવાસીઓના ધ્રુવીકરણ માટેની વ્યૂહરચના અન્વયે આ ટ્વિટ લખ્યું હોય એમ લાગે છે. મોરારજી દેસાઇ જેવા પૂર્વ વડાપ્રધાનના નામે બની રહેલ સેતુ (પુલ) નું નામકરણ બદલાવી શિવસેનાએ 'પ્રબોધનકાર ઠાકરે'નું નામ ચડાવી દીધેલું ત્યારે 'મુંબઇ એ બાલ ઠાકરેના બાપની જાગીર નથી.' આથી અકળાઇ જઇને ઉગ્ર પ્રતિભાવ આપતાં બાળા સાહેબે તંત્રીનું 'હરિ હરિ' કરી નાખવાની લેખિત ધમકી આપતો લેખ 'સામના'માં લખેલો. મુંબઇ એ આખા દેશની આર્થિક રાજધાની છે. એક રીતે એ સમસ્ત હિંદુસ્તાનની લાઇફલાઇન છે. ગુજરાતીઓ અને પારસીઓનો એના સર્વાંગી વિકાસમાં સિંહ ફાળો છે. આ વાત ખુદ રાજઠાકરે, ઉદ્ધવ ઠાકરે અને એમના વડીલ બાળાસાહેબ પણ સમજતા હતા. છતાં રાજકારણની ખીચડી પકડવવા ક્યારેક ગુજરાતીઓને તો ક્યારેક ઉત્તર ભારતીયોને કે દક્ષિણ ભારતીયોને 'કાઢી મૂકવા'ની વાતો થતી રહી છે. હિન્દુસ્તાન અને ગુજરાતની અસ્મિતાનું આ અપમાન છે એટલું જ નહીં, નેતાઓના સડેલા ભાગલાવાદી અને સંકુચિત પ્રદેશવાદનું આ નગ્ન પ્રદર્શન છે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે 'ઈરમા'ને શ્રેષ્ઠ ગણાવતા વાલીઓ

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલી તરીકેની જવાબદારી નિભાવતું ઈરમા

ગાંધીનગર, તા. ૪

ભારતીય વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં મદદરૂપ થઈ રહેલી સંસ્થા સાથે સંકળાયેલા પરિવારોનો મેળાવડો ગાંધીનગર ખાતે યોજાઈ ગયો, જેમાં ઉપસ્થિત રહેલા વાલીઓએ ઈરમા ઍજ્યુકેશન મારફતે થઈ રહેલા પોતાના સંતાનના વિકાસની વિગતો આપી હતી.

પોતાના સંતાનના ઉજ્જવળ ભવિષ્ય માટે સતત ચિંતિત રહેતા વાલીઓ પોતાની ઈચ્છાપૂર્તિ માટે મોંમાગ્યાં નાણા ચૂકવીને સંતાનને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ મોકલવા ઈચ્છતા હોય છે, ત્યારે મોંઘી ફી ભર્યા બાદ પણ તેઓને સંતાનના સ્વાસ્થ્ય અને ખોરાક સહિત અનેક બાબતોની સમસ્યાઓ સતાવતી રહે છે. આવી સમસ્યાના ઉકેલ માટે ઈરમા ઍજ્યુકેશન દ્વારા વૈશ્વિક સ્તરે સંશોધન કર્યા બાદ ફિલિપાઈન્સ ઉપર પસંદગી ઉતારવામાં આવી છે. જ્યાં અન્ય દેશોની સરખામણીએ મેડિકલ અને ઈજનેરીના અભ્યાસમાં ભારતીય વિદ્યાર્થીઓને વધુ સાનુકૂળ વાતાવરણ મળી રહે છે. સાથોસાથ વાજબી શુલ્ક અને શુદ્ધ-સાત્ત્વિક ગુજરાતી ભોજન સાથે રહેવાની ઉત્તમ સુવિધાના કારણે વાલીઓને પૂરતા વળતર ઉપરાંત સંપૂર્ણ સંતોષ થતો હોવાનું જણાવતા ઈરમાના સીઈઓ પ્રવાકર શાહે ઉમેર્યું હતું કે, ફિલિપાઈન્સમાં પૂરતી સવલતો સાથેની યુનિવર્સિટીમાં યોગ્ય તજજ્ઞો પાસે પાંચ વર્ષ સુધી મેડિકલનો અભ્યાસ કર્યા બાદ ભારતમાં મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયા (એમ.સી.આઈ.)ની આપવી પડતી પરીક્ષામાં પાસ થવા માટે અમારા વિદ્યાર્થીઓનો રેશિયો ૯૯થી ૧૦૦ ટકાનો રહેવા પામ્યો છે. જ્યારે, ચીન અને રશિયાની ટકાવારી લગભગ ચોથા ભાગ કરતાં પણ નીચી રહેવા પામે છે.

ઈરમા દ્વારા ફિલિપાઈન્સમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરી રહેલા ૭૦ વિદ્યાર્થીઓના વાલીઓ તથા નવો પ્રવેશ મેળવનારા ૮ પથી વધુ વિદ્યાર્થીઓ અને ફિલિપાઈન્સ ખાતે રૂબરૂ મુલાકાત લઈને સમગ્ર વિગતો મેળવીને સંતોષકારક અભિગમ સાથે પોતાના સંતાન માટે સફળ જીવનની અપેક્ષા સાથે, ઈરમાના મંતવ્યમાં પોતાનો સૂર પુરાવતા વાલીઓએ, ગાંધીનગર ખાતેના મેળાવડામાં પરસ્પર સંવાદિતા સાધવાની સાથોસાથ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ઈરમા શ્રેષ્ઠ હોવાનો મત રજૂ કર્યો હતો.

ભુવાજી ભાગો, સાંભળ્યું છે ભુવા પૂરવા આર એન્ડ બી ને સોંપ્યું છે અમને સોંપ્યું હોય તો તમે બચી જાત...

જે.સી.આઈ. દ્વારા કાર્યક્રમોની હારમાળ

ગાંધીનગર, તા.૪

શ્રાવણ માસની શરૂઆત થવાની છે અને ભગવાન શિવના ચરણોમાં હારમાળા ચઢાવવા માટે તેમના ભકતો થનગની રહ્યા છે ત્યારે જેસીઆઈ દ્વારા ગાંધીનગરવાસીઓ માટે તાલીમ કાર્યક્રમો અને ગાંધીનગરના જન્મદિવસની ઉજવણીના કાર્યક્રમની હારમાળા અર્પણ કરવામાં આવી હતી.

'દુનિયાની દરેક વ્યકિત સેલ્સમેન છે ભલે તે ગમે તે કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલ હોય! વ્યકિત એ દરેક ક્ષણે પોતાનું સેલિંગ કરવાનું હોય છે.' સેલ્સ ટેકનીકની તાલીમ દરમિયાન ટ્રેનર અમીત બંસોડે એ તાલીમાર્થીઓને સરળ સેલ્સમેન બનવાના નુસ્ખા સમજાવ્યા હતા. 'લોકોને તમારી પ્રોડકટ/સર્વિસના ફિચર્સ નહીં પણ ફાયદા વેચો.' રોલ પ્લે અને પ્રેકટિકલ ઉદાહરણો દ્વારા તેઓએ સમગ્ર તાલીમને ખુબ સરળ અને રસપ્રદ બનાવી હતી.

'ઈવેન્ટ મેનેજમેન્ટ બાય જેસી વે' વિષય ઉપર ગાંધીનગરના વિખ્યાત પ્રોફેસર અને જેસીના પૂર્વ પ્રમુખ ડૉ. પ્રણવ જોષીપુરાએ નાનામાં નાની ઈવેન્ટના આયોજન વખતે ધ્યાનમાં રાખવાના મહત્વપૂર્ણ પાસા ઉપર સમજણ આપી હતી. તેમણે ઉપસ્થિત સભ્યોને 'જેસી વીક'ની ઉજવણી માટે નક્કી કરેલા કાર્યક્રમોનું રીયલ પ્લાનીંગ કરાવીને ખુબ સરળતાથી અને પ્રેકટિકલ રીતે સમગ્ર વિષય ઉપર સમજણ આપી હતી.

જેસીઆઈની યુવા ટીમે ગાંધીનગરનો જન્મદિવસ 'આઈ લવ ગાંધીનગર' થીમ ઉપર ધામધૂમથી ઉજવ્યો હતો. શહેરના મધ્યમાં ઘ-૫ સર્કલ પાસે પસાર થતા વાહનો ઉપર 'ડ્રાઈવ સેફલી'નો સંદેશ આપતા સ્ટીકર લગાવીને ગાંધીનગરના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેસીઆઈના પ્રમુખ કેતન નિર્મલે સમગ્ર ટીમનો આભાર વ્યકત કર્યો હતો અને ભવિષ્યમાં વધારે ને વધારે સમાજને ઉપયોગી પ્રવૃત્તિ કરવાની નેમ વ્યકત કરી હતી.

ગાંધીનગર બી.બી.એ. કોલેજમાં વ્યકિતત્વ વિકાસ અંગે સેમિનાર યોજાયો

બી.બી.એ. કોલેજ ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓના ગોલ સેટીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ વિષય ઉપર વર્કશોપનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતો. ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા અને હકારાત્મક શકિતનો જીવનમાં વિનિયોગ કરી સફળ થવાના કારણો જાણ્યા હતા.

ગોલ સેટીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ વિષય પરના વર્કશોપમાં વિદ્યાર્થીઓને તેમના જીવનમાં ધ્યેય સિદ્ધિ માટે ચિરાગ પટેલે પ્રોત્સાહિત કર્યા હતા. ત્રણ ભાગમાં વહેંચાયેલા કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ચિરાગ પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, મેનેજર અને લેન્ડમાર્ક વર્લ્ડ વાઈડ સાથે જોડાયેલા સજ્જનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા નિશાંત ઠકકર અને ડૉ. રમાકાન્ત પૃષ્ટીએ જરૂરી માર્ગદર્શન આપી કાર્યભાર સંભાળ્યો હતો.

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૧૩ યોજાયો

ગાંધીનગર, તા.૪

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિજ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓ, વર્કશોપ સ્પર્ધાઓ અને સેમિનારનું આયોજન કરવામાંઆવ્યું છે. નિસર્ગસાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ માટે આર.જી. પટેલ કન્યા વિદ્યાલય સે-૨૩ માં નેશનલ સાયન્સ સેમિનાર ૨૦૧૩ની જિલ્લા કક્ષાની સ્પર્ધા તાજેતરમાં યોજાઈ હતી. જળ સહયોગ : પ્રશ્નો અને પડકારો સંદર્ભે યોજાયેલી સ્પર્ધામાં ૩૫ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં માઉન્ટ કાર્મેલ શાળા પ્રથમ નંબરે વિજેતા બની હતી.

આર.જી. પટેલ કન્યા વિદ્યાલયમાં જિલ્લા કક્ષાની નેશનલ સાયન્સ સેમિનારમાં નગરની ૩૫ માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો. મહેમાન તરીકે એસ.એસ. પટેલ બી.એડ. કોલેજના આચાર્યા વીણાબેન પટેલ, આર.જી. પટેલ કન્યા વિદ્યાલયના સુધાબેન પટેલ, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના નિવૃત્ત પી.આર.ઓ. નરેશભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી અનિલભાઈ પટેલ દ્વારા સાયન્સ સેમિનારની જરૂરી માહિતી આપવામાં આવી હતી.

સેમિનારમાં વિદ્યાર્થી દ્વારા ચાર્ટસ, સ્લાઈડસ તેમજ પી.પી.ટી. પ્રેઝન્ટેશન 'જળ સહયોગ : પ્રશ્નો અને પડકારો' વિષય પર રજૂ કર્યું હતું. વિદ્યાર્થીઓએ ચાર્ટસ, સ્લાઈડસ તેમજ પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા પોતાની વાત રજુ કરી હતી. આ સ્પર્ધામાં પ્રથમ નબરે યોગેશ થારાણી, માઉન્ટ કાર્મેલ હાઈસ્કુલ, સે-૨૧, ગાંધીનગરનો વિદ્યાર્થી વિજેતા થયો હતો. બીજા નંબરે જ્ઞાની ધ્યેય સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ, સે-૮ ગાંધીનગર અને ત્રીજા નંબરે પટેલ કાજલ, પટેલ એસ.એન.ડેરીવાલા હાઈસ્કુલ, ડીંગુચા, કલોલની વિદ્યાર્થીની વિજેતા બની હતી. જિલ્લાના પ્રથમ અને દ્વિતીય વિજેતા ૨૩મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ રાજ્ય કક્ષાની સાયન્સ સેમિનાર સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. નિર્ણાયક તરીકે ડૉ. તારક ઠકકર પ્રોફેસર સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર અને વિજયભાઈ કાતરાણી-નિવૃત્ત ઈજનેર-ગુજરાત જલ સેવા તાલીમ સંસ્થા-ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા.



નાના ભૂલકાંઓ શાળામાં ખૂબ સુંદર દેખાઈ રહ્યા છે. આજ ભૂલકાંઓ શાળામાં રોજ નિરોગી થઈ સ્વચ્છ થઈ અને પછી શાળાએ જાય તો તેમનું મન ભણવા તરફ પણ વળી શકે છે. આવા ઉમદા આશયથી ગાંધીનગરની જાણીતી સંસ્થા ગજાનંદ સેવા સમિતિ દ્વારા જિલ્લાની જુદી જુદી શાળાઓમાં બાળકોને નાહવાના સાબુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જો પરિણિત સ્ત્રીને સાસરી પક્ષમાં ત્રાસ હોય અને તેના કારણે સ્ત્રીને ઘર છોડવું પડે તો તેવા સંજોગોમાં પણ પતિએ તરછોડી જ ગણાય

મહિલા સમાજ અને કાયદો (અંક-૪)

- ડૉ. ભાવના કે. જોશીપુરા

ત્યકતા સ્ત્રીઓ અને સગીર બાળકોનું ભરણપોષણ એ લગ્નજીવન સંદર્ભેની તકરારમાં સૌથી અગત્યનો મુદ્દો છે. પરિણિત સ્ત્રી અને તેના બાળકોને જ્યારે પતિ તરછોડી દે ત્યારે તેઓનાં જીવન નિર્વાહનો પ્રશ્ન એ મુખ્ય બાબત છે. જ્યારે દીકરી પરણીને સાસરે જાય ત્યારે લગ્ન થયા બાદ તેની સંપૂર્ણ જવાબદારી એ પતિની છે. આપણે જો લગ્ન વિધિ યાદ કરીએ તો લગ્ન સમયે આચાર્યશ્રીની હાજરીમાં કુટુંબના વડિલો રૂબરૂ પતિ એ પત્નીની જવાબદારી સ્વીકારવા અંગે વચનબદ્ધ થાય છે. પત્ની પણ પતિ સાથે રહીને બધી જ લગ્ન વિષયક ફરજો નિભાવશે તેવી ખાત્રી આપે છે. લગ્નના સાત ફેરાથી આપણે સહુ વાકેફ છીએ. એક કહેવત છે કે, "Law is nothing but commonsense" એટલે કે સામાન્ય જીવનમાં સામાન્ય રીતે જે બાબતો બનવી જોઇએ તેનાથી વિરૂદ્ધ કે વિચિત્ર પ્રકારનું કાંઇ પણ બને તે સંદર્ભે કાયદાકીય જોગવાઇઓ છે. હિન્દુ કુટુંબનો કર્તા એ પુરૂષ (પિતા) છે. તેનો અર્થ એ થયો કે જવાબદારી એ પુરૂષપક્ષે છે. લગ્ન બાદ પત્નીની જવાબદારી પતિ સ્વીકારે છે જ્યારે એ જ પતિ પત્નીને તરછોડી દે ત્યારે તે ભરણપોષણ આપવા બંધાયેલો છે તો તેની સામે તેવો પણ વિચાર આવે કે, જો પતિએ પત્નીને તરછોડી ન હોય તો તેવા સંજોગોમાં શું પત્નીને ભરણપોષણ મળી શકે?

જ્યારે પતિપક્ષનું ઘર છોડીને પિયરપક્ષમાં પરત આવે અથવા તો કોઇ આશ્રયગૃહનો આશરો લે તો તેવા સંજોગોમાં શું પત્ની ભરણપોષણ મેળવવા હક્કદાર થાય? આ બાબતનો ઉલ્લેખ એટલા માટે કરૂં છું કે કેટલીક વાર એવું પણ બને કે પત્નીએ ઘર છોડવું પડે છે. ખાસ કરીને પતિપક્ષ તરફથી પરિણિત સ્ત્રીને સાસરી પક્ષમાં પતિ કે તેના સાસરીયાઓ દ્વારા એટલી હદે ત્રાસ આપવામાં આવે કે તે સ્ત્રીનું જીવન જોખમમાં મુકાય. એવા સંજોગોમાં પરિણિત સ્ત્રી પોતાનું લગ્ન વિષયક ઘર છોડવા મજબૂર બની જાય છે. કાયદામાં એવી સ્પષ્ટ જોગવાઇ કરવામાં આવી છે કે જો જો પરિણિત સ્ત્રીને સાસરી પક્ષમાં ત્રાસ હોય અને તેના કારણે સ્ત્રીને ઘર છોડવું પડે તો તેવા સંજોગોમાં પણ પતિએ તરછોડી જ ગણાય. ચાલો, આપણે નીતાના કેસથી આ વાત સમજીએ.

નીતા ભણેલી છે. નીતા નાનકડી એક શાળામાં નોકરી કરે છે. નીતાને મનમાં એમ થાય છે કે હું નોકરી કરૂં છું તો મને ભરણપોષણ મળે ? કરણે નીતાનો ત્યાગ કર્યો ત્યારે બાદ કરણે નીતા કે દીકરી રોશની માટે ભરણપોષણ અંગે કોઇ દરકાર લીધી નથી. જો નીતા નોકરી કરતી ન હોય તો નીતાને ખરેખર ભૂખે મરવું પડે તેવી સ્થિતિ સર્જાય. સામાન્ય રીતે ખાનગી શાળાઓમાં અને ખાનગી સંસ્થાઓમાં કોઇ પણ ગ્રેજ્યુએટને પ્રાથમિક શિક્ષણ સંદર્ભે અથવા તો પૂર્વ પ્રાથમિકમાં નોકરી મળી જાય તે સ્વાભાવિક બાબત છે. નીતાને પણ આવી જ નોકરી મળી હતી. નીતાની જે આવક હતી તેમાંથી નીતા અને રોશનીનું ભરણપોષણ થઇ શકે તેમ ન હતું. ભરણપોષણમાં બીજો એક અગત્યનો મુદ્દો એ પણ છે કે પતિના આવક અને પતિના સ્ટેટ્સ મુજબ ભરણપોષણ મળી શકે છે.

ભરણપોષણની જોગવાઇ અલગ અલગ કાયદાઓમાં કરવામાં આવેલી છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫ અંતર્ગત ત્યકતા સ્ત્રી અને સગીર બાળકોના ભરણપોષણ અંગે જોગવાઇ કરવામાં આવેલી છે. ત્યકતા સ્ત્રી અને સગીર બાળકોનું ભરણપોષણની સાથે વૃદ્ધ માતાપિતાનું ભરણપોષણ પણ અગત્યની બાબત છે. વૃદ્ધ માતાપિતાના ભરણપોષણની જોગવાઇ અંગે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫માં પણ જોગવાઇ છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ એ પત્નીઓ, સંતાનો અને માતાપિતાના ભરણપોષણ માટેની જોગવાઇ દર્શાવે છે જે મુજબ કોઇ પણ પરિણિત સ્ત્રી, સંતાનો અને માતાપિતા જ્યારે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫ અંતર્ગત ખોરાકીપોષાકી મેળવવા અરજી કરે ત્યારે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે. પ્રથમ તો જો પત્ની અરજી કરે તો તેણી સામાવાળાની કાયદેસરની પત્ની છે તેમજ જે વ્યક્તિ ભરણપોષણ મેળવવા અરજી કરે છે તે જાતે ભરણપોષણ મેળવવા અસમર્થ છે એટલે કે તે વ્યક્તિ કાંઇ કમાતી નથી અને કાંઇ કમાઇ શકે તેમ નથી. આ બાબત અગત્યની છે તેમજ જેની પાસેથી ભરણપોષણ મેળવવાનું છે તે વ્યક્તિ એટલે કે કોર્ટની ભાષામાં સામવાળા પાસે આવકનું પૂરતું સાધન હોવું જોઇએ. અને સામાવાળા ભરણપોષણ ચુકવવા શક્તિમાન (સક્ષમ) હોવા જોઇએ અને ત્રીજો અગત્યનો મુદ્દો એ છે કે જો પત્ની ભરણપોષણનો કેસ કરતી હોય તો તેનીને તેના પતિથી અલગ રહેવા માટે વ્યાજબી અને ન્યાયીકરણ હોવું જોઇએ અને આવા કારણમાં પતિ કે સાસરીપક્ષના સભ્યો તરફથી કોઇ પણ પ્રકારની ક્રૂરતા આચરવામાં આવે તો તે તેણીને તેના પતિથી અલગ રહેવા માટે વ્યાજબી અને ન્યાયી કારણ ગણાશે. નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદા મુજબ સ્ત્રીને ગાળ આપવી અથવા તો તેણીને માનહાનિ થાય તેવા શબ્દોથી બોલાવવી તો તે પણ ક્રુરતા ગણી શકાય અને ઘણાં કેસોમાં શારીરિક ત્રાસ કરતાં માનસિક ત્રાસ અને હાલનાં યુગમાં 'સુધારેલો ત્રાસ' મહદ્ અંશે જોવામાં આવે છે.

ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫માં ત્યકતા સ્ત્રી, સગીર બાળકો, અને વૃદ્ધ માતાપિતાના ભરણપોષણ અંગેની જોગવાઇ કરવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખ કરીએ કે, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ - ૧૨૫ ની જોગવાઇમાં ત્યકતા સ્ત્રીને પોતાના પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે. સગીર બાળકોને તેમના પિતા પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે. હિન્દુ દત્તકવિધાન અને ભરણપોષણના કાયદા અંતર્ગત પરિણિત હિન્દુ સ્ત્રી ભરણપોષણ મેળવવાનો અધિકાર ધરાવે છે.

હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણના કાયદાની કલમ-૧૮ અંતર્ગત હિન્દુ પરિણિત સ્ત્રી ભરણપોષણ મેળવવા અધિકાર ધરાવે છે, જો જોગવાઇ જોઇએ તો -

(૧) આ કલમની જોગવાઇઓને આધીન રહીને આ અધિનિયમના આરંભ પહેલા કે પછી પરણેલી હિન્દુ સ્ત્રી જીવનપર્યંત પોતાના પતિ પાસેથી ભરણપોષણ મેળવવા હક્કદાર છે.

(૨) નીચેના સંજોગોમાં, હિન્દુ પત્ની પોતાનો ભરણપોષણનો હક્ક ગુમાવ્યા વિના પોતાના પતિથી જુદા રહેવા હક્કદાર છે.

- તેનો પતિ તેને ત્યાગ કરવા માટે એટલે કે વાજબી કારણ વિના અને તેની સંમતિ વિના અથવા તેની ઇચ્છા વિરૂદ્ધ તેને ત્યજી દેવા માટે દોષિત હોય,
- તેના પતિએ તેની સાથે એવો ક્રૂર વર્તાવ કર્યો હોય કે જેથી તેના મનમાં વાજબી ભય પેદા થાય કે તેના માટે તેના પતિ સાથે રહેવું જોખમકારક અથવા હાનિકારક થશે.
- તેનો પતિ ભયંકર અસાધ્ય રોગથી (રક્તપિત્ત) પીડાતો હોય,
- જે ઘરમાં પોતે રહેલી હોય એ જ ઘરમાં તેનો પતિ કોઇ રખાતને રાખતો હોય અથવા કોઇ રખાત સાથે કોઇ બીજે સ્થળે ઢંમેશા રહેતો હોય,
- તેનો પતિ ધર્માંતર કરીને હિન્દુ રહ્યો ન હોય,
- તે પત્નીને જુદા રહેવા માટે બીજું કોઇ વ્યાજબી કારણ હોય.

હિન્દુ દત્તકવિધાન અને ભરણપોષણના કાયદાની અંતર્ગત વિધવા પુત્રવધુને પણ ભરણપોષણ મેળવવાનો અધિકાર ધરાવે છે. આ કાયદા અંતર્ગત વિગતવાર દૃષ્ટાંત સાથે ચર્ચા ભવિષ્યમાં કરવાનાં છીએ.

આ થઇ સામાન્ય ભરણપોષણના કાયદાની જાણકારીની બાબત. આ તમામ બાબતોનો આપણે દૃષ્ટાંત સાથે ચર્ચા કરવાના છીએ પરંતુ હાલ તો નીતાની બાબતમાં આગળ વધીએ તો,

નીતાએ તેના પતિ કરણ સામે પોતાની જાત માટે તેમજ દીકરી રોશનીની ભરણપોષણ મેળવા સંદર્ભે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫ અંતર્ગત ભરણપોષણ મેળવવા અરજી કોર્ટમાં દાખલ કરી દીધી છે. કરણ અદાલતમાં હાજર થતો નથી. કરણને અદાલતમાં અરજી દાખલ થઇ છે તે અંગેની નોટીસની બજવણી થતી નથી. જ્યારે કોઇ પણ સ્ત્રી અદાલતમાં અરજી દાખલ કરે તો પ્રથમ તો તેના સામાપક્ષને નોટીસની બજવણી થવી જરૂરી છે.

જો કોઇ સામાવાળા ભાગતા ફરે તો શું થાય? નીતાના કેસમાં કરણ પણ સરનામું બદલાવ્યા કરે છે. કરણને નોટીસ બજી કે કેમ? અદાલતની નોટીસની બજવણી સંદર્ભે કાયદામાં શું જોગવાઇ છે? આગળની કાર્યવાહી અને કાયદાની કલમ અંગે મળીને આવતે અંકે...